ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

વડોદરા-છોટાઉદેપુર

અસહ્ય લૂ: બોડેલીમાં બપોરે જાણે 'અઘોષિત કરફ્યુ' જેવો માહોલ

બોડેલીમાં 44 ડિગ્રી તાપમાન, રસ્તાઓ સૂમસામ

ઘગઘગતી ગરમી વચ્ચે પણ જગતનો તાત બેઠો નથી: બોડેલીમાં કેળના પાકને બચાવવા ખેડૂતોની મથામણ

બપોરે 12 વાગ્યા પછી વેપાર-ધંધા અને અવરજવર ઠપ

(પ્રતિનિધિ) બોડેલી, તા.13

છોટાઉદેપુર જિલ્લાની આર્થિક રાજધાની ગણાતા બોડેલી નગરમાં અસહ્ય ગરમીને કારણે કરફ્યુ જેવો માહોલ સર્જાયો છે 43 થી 44 ડિગ્રી સુધી પહોંચેલા તાપમાનને કારણે સામાન્ય રીતે ગ્રામ્ય વિસ્તારના લોકોની અવરજવરથી ધમધમતું રહેતું બોડેલી નગર બાર વાગ્યા બાદ સંપૂર્ણ સૂમસામ બની જાય છે રસ્તાઓ પર વાહનોની અવરજવર ઘટી ગઈ જાયછે,જ્યારે બજારોમાં પણ લોકોની ભીડ ઓછી જોવા મળી હતી. સતત વધી રહેલા તાપમાનને કારણે લોકો ઘરમાં જ રહેવાનું પસંદ કરી રહ્યા છે. રાજ્યભરમાં ઉનાળાની ગરમી દિવસેને દિવસે અસહ્ય બની રહી છે ત્યારે છોટાઉદેપુર જિલ્લાના બોડેલી નગરમાં પણ ગરમીનો ભારે પ્રકોપ જોવા મળી રહ્યો છે. બપોરના 12 વાગ્યાથી સાંજના 5 વાગ્યા સુધી તાપમાન 44 ડિગ્રી આસપાસ નોંધાતા જનજીવન ઉપર સીધી અસર જોવા મળી છે . સાંજે 6 વાગ્યે પણ તાપમાન 43 ડિગ્રી અને રાત્રિ તરફ 7 વાગ્યે 41 ડિગ્રી નોંધાતા લોકો ગરમીથી પરેશાન થઈ ઉઠ્યા છે .

સાથે સાથે ખેડૂતોના પાકને અસહ્ય ગરમીના કારણે નુકસાન ની ભીતી સર્જાય એમ હાલની પરિસ્થિતિ જોતા લાગી રહ્યું છે છતાં આજે જગતનો તાત કહેવાતો ખેડૂત પોતામાં કેળ જેવા પાકને બચાવવા માટે 43 થી 44 ડિગ્રી તાપમાન વચ્ચે પણ મહેનત કરી રહ્યો છે અને પોતાના પાકનું રક્ષણ કરવા માટે એડી ચોટી નો જોર લગાવી રહ્યો છે જ્યારે આવા વાતાવરણમાં પાણીની અછત સર્જાય કાં તો પછી વીજ પુરવઠા ના કારણે ખેડૂતને પાણી આપવામાં તકલીફ પડે તો તેના પાક ને નુકસાન થાય એમ છે છતાં આજે ખેડૂત સરકારી શિડ્યુલ પ્રમાણે વીજ પુરવઠો મળતા આવી ગરમીમાં પણ પાણીપૂરો પાડવા માટે મહેનત કરી રહ્યો છે કેળ ના પાકને નુકસાન થી બચાવવા છોડ પર પૂડીયો મૂકી કેળા ને રક્ષણ આપી રહ્યો છે ખેડૂત ની આ ધકધકતા આગની જેમ માહોલમાં કરાતી મહેનતને બિરદાવવા યોગ્ય છે.

ડભોઇના નવા 'નગરપતિ' કોણ? 19 મેના રોજ પ્રથમ બેઠક

ડભોઈ નગરપાલિકાના પ્રમુખ / ઉપ પ્રમુખનો તખ્તો ગોઠવાયો

કુલ 36 બેઠકોમાંથી કોંગ્રેસને 21 અને ભાજપને 15 બેઠકો મળી છે

(પ્રતિનિધિ) ડભોઇ, તા.13

ડભોઇ નગરપાલિકાની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓના પરીણામો ૨૮-૪-૨૦૨૬ ના રોજ આવી ગયા છે જેમા ૩૬ બેઠકની નગરપાલિકામા ભાજપ ને ૧૫ અને કોંગ્રેસ ને ૨૧ બેઠકો મળી છે ડભોઈ નગરપાલિકામા ગત ટર્મમા ભાજપનુ બોર્ડ હતું જેમાં વિકાસના કામો સાથે વિવાદ જોડાયેલા હતાં પ્રજાનો ચુકાદો સતાની વિરોધ આવેલ છે ડભોઈ રણીધણી વગરની કોંગ્રેસ સતામાં પાછી ફરી છે ત્યારે પહેલાં તો પોતાના નગરસેવકો લક્ષ્મણ રેખા ના ઓળંગે એ જોવુ પડશે સાથે સાથે ગત ટર્મના ભાજપ પર લગાવેલા ભ્રષ્ટાચારના આક્ષેપને સાબિત કરવાનો મોટો પડકાર હશે ડભોઈ નગરપાલિકાની પ્રથમ બેઠક ૧૯-૫-૨૦૨૬ ના રોજ નાયબ કલેક્ટર ના અધ્યક્ષ સ્થાને બપોરે ૩ વાગ્યે સેવા સદનના કોન્ફરન્સ હોલમા યોજાશે ડભોઈ કોંગ્રેસના સભ્યો હાલ બહાર છે જે સમયે સેવા સદન ખાતે હાજર થશે રોસ્ટર પધ્ધતિ પ્રમાણે પ્રથમ બેઠક મહીલા સામાજિક શૈક્ષણિક પછાત વર્ગની છે જેમાં ડભોઈ કોંગ્રેસના પ્રમુખ સતિષ રાવળના વોર્ડનં ૨ મા વિજેતા થયેલા પુષ્પા રાવળ અને શિતલ પટેલ વચ્ચે સ્પર્ધા રહેશે. નગરપાલિકાના પ્રમુખ બેઠક માટે વોર્ડ નં ૨ અગ્રસ્થાને હશે કેમકે વોર્ડ નં ૨ માં પૂર્વ પ્રમુખ બિરેન શાહના નેતૃત્વમા પેનલ લડી હતી ડભોઈ નગરપાલિકાના પ્રમુખની વરણી બાદ ડભોઇ ના સફાઈ કામદારો, પ્રાદેશિક કમિશ્નરની મંજૂરી કરતા વધુ કર્મચારીઓ અને ડ્રેનેજ અને કોન્ટાકટરોની મનમાનીનો પ્રશ્ન માથાનો દુ:ખાવો હશે એક વાત નક્કી કે ડભોઈ કોંગ્રેસ માટે ગઢ આલા પર સિંહ (સુભાષ ભોજવાણી) ગેલા જેવી સ્થિતિ જોવા મળશે.

સંક્ષિપ્ત સમાચાર

પાદરા ખાતે શનીદેવ જયંતિ નિમિત્તે ગાયત્રી શક્તિપીઠ ખાતે ભવ્ય શનીયાગનું આયોજન

પાદરા : ૧૬ મે ૨૦૨૬ના રોજ શનિવારના શુભ દિવસે શનીદેવ મહારાજ જયંતિ નિમિત્તે શ્રી ગાયત્રી શક્તિપીઠ પાદરા ખાતે ભવ્ય શનીયાગનું આયોજન કરવામાં આવ્યું છે. આ ધાર્મિક આયોજન રાકેશભાઈ મહારાજના માર્ગદર્શન હેઠળ વિધિવિધાન સાથે સંપન્ન કરવામાં આવશે. શનીયાગનો પ્રારંભ સવારે ૯ વાગ્યે થશે અને સાંજે અંદાજે ૫ થી ૬ વાગ્યાની આસપાસ શ્રીફળ હોમ સાથે પૂર્ણાહુતિ કરવામાં આવશે. આ શનીયાગના મુખ્ય યજમાન તરીકે હેતલભાઈ ચોક્સી પરિવાર સેવા આપશે. આ આયોજનમાં સ્જોડે પૂજા-વિધિમાં જોડાવા ઇચ્છુક ભક્તો માટે નામ નોંધણી તથા દાનભેટ રકમ રૂપિયા ૨૧૦૦ નક્કી કરવામાં આવી છે. ભક્તોએ પહેલા ગાયત્રી મંદિર ખાતે નોંધણી કરાવવાની રહેશે.

પાદરામાં શ્રી તારતમ સાગર પારાયણ પૂર્ણાહુતી મહોત્સવનું ભવ્ય આયોજન

પાદરા : અક્ષરાતીત પૂર્ણબ્રહ્મ પરમાત્મા શ્રી રાજ શ્યામાજીની અસીમ કૃપાથી પાદરા મુકામે તા.૧૪-૦૫-૨૦૨૬, ગુરુવારના શુભદિને શ્રી તારતમ સાગર પારાયણ પૂર્ણાહુતી મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ આધ્યાત્મિક મહોત્સવમાં વિવિધ ધાર્મિક પ્રસંગો સાથે ભક્તિમય કાર્યક્રમો યોજાનાર છે. મહોત્સવના આયોજનમાં જગદગુરુ આચાર્ય શ્રી ૧૦૮ શ્રી સૂર્યનારાયણજી મહારાજના પાવન સાનિધ્યમાં ભવ્ય શોભાયાત્રા, ગુરુ પૂજન તથા શ્રી તારતમ પારાયણની પૂર્ણાહુતી જેવા કાર્યક્રમો યોજાશે. કાર્યક્રમની શરૂઆત સવારે ૮ વાગ્યે શોભાયાત્રાથી થશે. સવારે ૮:૩૦ કલાકે પારાયણની પૂર્ણાહુતી તથા બપોરે ૧૧ વાગ્યે શ્રી તારતમ પારાયણ પૂર્ણાહુતી વિધિ યોજાશે. ત્યારબાદ બપોરે ૧ વાગ્યે મહાપ્રસાદીનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે જગદગુરુ આચાર્ય શ્રી ૧૦૮ શ્રી સૂર્યનારાયણજી મહારાજના મુખારવિંદથી અમૃતમય દિવ્ય વાણીનો રસાસ્વાદ ભક્તોને મળશે. ઉપરાંત પ્રણામી ધર્મના વિવિધ સ્થાનોથી વિદ્વાન સંતો અને મહંતો પધારી ભક્તોને આધ્યાત્મિક માર્ગદર્શન આપશે. આ સમગ્ર આયોજનમાં આચાર્ય બીનેશભાઈ પંડ્યા, રાજ શ્યામજી તેમજ ધર્મપારાયણ આત્મીય સુંદર સાથજી પ્રવિણભાઈ ગોથી, ચિંતન ગગોળ અને ગોપાલભાઈ ચાવડાનું માર્ગદર્શન પ્રાપ્ત થઈ રહ્યું છે.

વિશ્વકર્મા પંચાલ સમાજ ટ્રસ્ટ, વડોદરા દ્વારા સ્નેહમિલન તથા વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ યોજાશે

વડોદરા : સવિનય પ્રમુખશ્રી દિલીપકુમાર વિઠ્ઠલભાઇ પંચાલ તરફથી જણાવવાનુકે તા. 28.6.2026 ને રવિવારે લગ્ન થઇ શકે તે માટે વિશ્વકર્મા ભગવાના સુપુત્રો જેવાકે વિશ્વકર્મા પંચાલ, મિસ્ત્રી, લુહાર, સુથાર, વૈશ્ય, મેવાડા, ગજ્જર વગેરેને માટે સ્નેહમિલન ભાઇચારો સંમેલન તથા હવનયજ્ઞ તથા વિદ્યાર્થીઓ ધો. 7 થી ધો. 12 ના 60 ટકા થતી ઉપર માર્કસ વાર્ષિક પરીક્ષામાં આવેલા હોય તથા વિદ્યાર્થીઓ ગ્રેજ્યુએટ ગયેલ કોલેજના 80 ટકા થી ઉપર માર્કસ વાર્ષિક પરીક્ષામાં આવેલા હોય તેઓનુ બહુમાન સન્માન કરવામાં આવશે યુવક યુવતીઓ કુવારા, છુટાછેડા, તથા સીનીયર સીટીજન વગેરેએ ફોર્મ ભરવા યુવકો માટે સામાન્ય બહુજ ઓછી ફી દાનભેટ તરીકે રાખેલ છે. તથા યુવતીઓ માટે બધુજ મફત વિનામુલ્યે રાખેલ છે. સદર માટેના ફોર્મ લેવા તથા ભરીને આપીજવા માટે એડ્રેસ : પ્રમુખ દિલીપકુમાર વિઠ્ઠલભાઇ પંચાયલ ઠે. કંસારા પોળનની અંદર, પહેલો માળ, સેવઉસર વાળાની બાજુમાં, શ્રી રામ ટમટમની દુકાન પાછળ, ચોખંડી, વડોદરા ફક્ત સમય બપોરે 2 થી 2-30 તથા સાંજના 6-30 થી 7-30 રૂબરૂ આવીને લઇ જવુ.

વડોદરા વાડી ખાતે શ્રી શનિદેવ મહારાજની જન્મ જયંતી ધામધૂમથી ઉજવાશે

વડોદરા : વડોદરાના વાડી વિસ્તારમાં આવેલ પૌરાણિક શ્રી શનિદેવ મહારાજના મંદિરે વૈશાખ વદ અમાસને તા. 16-5-26 ને શનિવારના રોજ પ્રતિવર્ષ મુજબ શનિજન્મોત્સવનું ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવશે. આ વર્ષે શનિજંયતિ અમાસને શનિવારે હોવાથી એનું ઘણું મહાત્મ્ય છે. જયોતિષાચર્ય શ્રલોક દવેના જણાવ્યાનુસાર. આ દિવસે ભરણી નક્ષત્ર જેનો દેવ યમ છે. જે શનિદેવ ભગવાનના મોટાભાઇ છે. સૌભાગ્ય યોગ ત્થા ચતુષ્પાદ કરણ છે. રાત્રે 10-48 સુધી મેષ રાશિ છે. આ વર્ષે વૃષભ સંક્રાંતિ પણ વ્યાપત છે. જેથી દક્ષિણ, ઉત્તર, પશ્ચિમ અને ઇશાનના પ્રદેશમા તકલીફ જોવ મળે. મંદિરની આરતીનો સમય સવારે 5-30 કલાકે સુંદરકાંડના પાઠ સવારે 6-30 કલાકે, આરતી સવારે 9-00 કલાકે જન્મ અભિષેક પૂજન સવારે 11-30 કલાકે, જન્મ આરતી બપોરે 12-30 કલાકે તથા અન્નકુટ આરતી તથા દર્શન સાંજે 5-30 કલાકે જ્યારે ભજન સંધ્યા રાત્રે 7-00 કલાકે યોજાશે.

ટ્રકનો પીછો કરી પોલીસે 3.08 લાખનો દારૂ ઝડપી પાડ્યો

વડોદરા ગ્રામ્ય પોલીસનો સફળ દરોડો પથ્થર નીચે સંતાડેલો દારૂ ઝડપ્યો

(પ્રતિનિધિ) પાદરા, તા.13

મુવાલ ચોકડી પાસે વડુ પોલીસે ઝડપી આરસ પથ્થરના વેસ્ટ ભુકાની થેલીઓ નીચે છુપાવેલો દારૂ ભરેલી ટ્રક, રૂ.10.38 લાખનો મુદ્દામાલ કબજે. વડોદરા ગ્રામ્ય જિલ્લામાં દારૂ-જુગાર જેવી અસામાજિક પ્રવૃત્તિઓ સામે ચાલી રહેલી ઝુંબેશ અંતર્ગત વડુ પોલીસે ભારતીય બનાવટના વિદેશી દારૂનો ગણનાપાત્ર જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે રાજસ્થાન પાસિંગની આઈશર ટ્રકમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપી કુલ રૂ.10.38 લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પ્રાપ્ત માહિતી મુજબ વડુ પોલીસ સ્ટેશનના પી.આઈ. જે.પી. ગઢવીએ પોલીસ સ્ટાફની અલગ અલગ ટીમો બનાવી પેટ્રોલિંગ અને વોચ ગોઠવી હતી. તે દરમિયાન યોગેશભાઈ ને અંગત બાતમી મળી હતી કે રાજસ્થાન પાસિંગની આઈશર ટ્રકમાં વિદેશી દારૂ ભરેલો છે અને ટ્રક વડોદરાથી મુવાલ તરફ જવાની છે. બાતમીના આધારે પોલીસ સ્ટાફ સાથે પાદરા-જંબુસર હાઈવે પર મુવાલ ચોકડી પાસે વોચ ગોઠવવામાં આવી હતી.

થોડા સમય બાદ શંકાસ્પદ ટ્રક આવતા પોલીસે તેને રોકવાનો ઈશારો કર્યો હતો, પરંતુ ટ્રક ચાલકે બેરિકેટ તોડી ટ્રક ભગાડી મૂકી હતી. જેથી પોલીસે ટ્રકનો પીછો કરી ગવાસદ ગામ નજીક ઝાયડેક્ષ કંપની પાસે ટ્રક અટકાવી હતી. અને ટ્રકમાં તપાસ કરતા આરસ પથ્થરના વેસ્ટ ભુકાની થેલીઓ નીચે છુપાવેલો ભારતીય બનાવટનો વિદેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે ટ્રકમાંથી જુદી જુદી બ્રાન્ડના કુલ ૧૧૧૬ ક્વાર્ટર, બોટલો અને બિયરના ટીન મળી કુલ રૂ.3,08,052નો દારૂ કબજે કર્યો હતો.

રેણધા ખાતે પાણીની ગંભીર સમસ્યાથી જુઝતા ગ્રામજનો, નળ છે પણ જળ નથી

ક્વાંટના રેણધા ગામમાં પાણી માટે મહિલાઓની રઝળપાટ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.12

છોટાઉદેપુર જિલ્લાના ક્વાંટ તાલુકાના રેણધા ગામમાં પાણીની ગંભીર સમસ્યાને કારણે ગ્રામજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. છેલ્લા ત્રણ વર્ષથી પીવાના પાણી માટે લોકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. મહિલાઓ અને ગ્રામજનોને એકથી દોઢ કિલોમીટર દૂર જઈ પાણી ભરવાની ફરજ પડી રહી છે. સરકારની નળ સે જળ સહિતની યોજનાઓ છતાં ગામમાં પાણીની સમસ્યા યથાવત રહેતા ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

સરકાર દ્વારા નળ સે જળ સહિત અનેક પાણી યોજનાઓ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે અને દરેક ઘેર પાણી પહોંચાડવાના દાવા કરવામાં આવી રહ્યા છે. પરંતુ છોટાઉદેપુર જિલ્લાના ક્વાંટ તાલુકાના રેણધા ગામના ભગત ફળીયામાં હકીકત કંઈક અલગ જ જોવા મળી રહી છે. ગામલોકોના આક્ષેપ મુજબ નળ સે જલ યોજના સંપૂર્ણપણે નિષ્ફળ સાબિત થઈ રહી છે. ગામના કેટલાક વિસ્તારોમાં જ નળ કનેક્શન આપવામાં આવ્યા છે જ્યારે અનેક ફળીયાઓમાં હજુ સુધી પાણીની કોઈ સુવિધા ઉપલબ્ધ નથી. કેટલાક સ્થળોએ તો નળની ચકલી પણ ગાયબ હોવાનું સામે આવ્યું છે. ગ્રામજનોએ જણાવ્યું કે છેલ્લા ત્રણ વર્ષથી પાણીની ગંભીર સમસ્યા યથાવત છે. ઉનાળાની કાળઝાળ ગરમીમાં મહિલાઓ અને ગ્રામજનોને એકથી દોઢ કિલોમીટર દૂર જઈ પાણી ભરવાની મજબૂરી વેઠવી પડી રહી છે.

કરજણમાં શ્વાન સાથે અમાનવીય કૃત્ય: લોકોમાં રોષ, પોલીસ તપાસ શરૂ

શ્વાન સાથેની ક્રૂરતાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ

(પ્રતિનિધિ) કરજણ, તા.13

કરજણ નગરમાં હાલમાં એક અત્યંત ચોંકાવનારો વીડિયો સોશિયલ મીડિયા પર ભારે વાયરલ થઈ રહ્યો છે, જેમાં નગરના એક વિસ્તારમાં એક શ્વાન સાથે શારીરિક સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચરવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે. આ અમાનવીય અને શરમજનક ઘટના સામે આવતાની સાથે જ સ્થાનિક લોકોમાં ભારે રોષ અને આક્રોશ ફેલાઈ ગયો છે.

માનવતાને શર્મસાર કરતી આ ઘટનાને લઈને નગરજનો દ્વારા આરોપી સામે કડકમાં કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે. લોકો સોશિયલ મીડિયા પર અને જાહેરમાં આ કૃત્યની સખત નિંદા કરી રહ્યા છે અને ન્યાયની અપેક્ષા રાખી રહ્યા છે.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને કરજણ પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી છે. વાયરલ થયેલા વીડિયોને આધારે પોલીસે આસપાસના વિસ્તારના CCTV ફૂટેજની તપાસ શરૂ કરી છે, જેથી આરોપીની ઓળખ થઈ શકે. પોલીસ દ્વારા આ અમાનવીય કૃત્ય કરનાર ઈસમની ઓળખ મેળવવા માટે સઘન શોધખોળ હાથ ધરવામાં આવી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, આરોપીની ઓળખ થયા બાદ તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવા અને ગુનો દાખલ કરવા માટેના ચક્રોગતિમાન કરવામાં આવ્યા છે.

સાવલીમાં રજૂઆતો છતાં વીજ સમસ્યા ઠેરની ઠેર

વીજ વાયરમાંથી ચિંગારીઓ ઉડતા મોટી હોનારતની ભીતિ

(પ્રતિનિધિ) શિનોર, તા.13

વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના સાધલી ગામે મંડાળા ફળિયા વિસ્તારમાં રાત્રી સમયે વીજ વાયરમાં વારંવાર સ્પાર્ક થવાની ઘટનાઓ સામે આવતા સ્થાનિકોમાં ભારે રોષ ફેલાયો છે. છેલ્લા બે દિવસથી વીજ વાયરમાંથી ચિંગારીઓ નીકળતા વિસ્તારમાં અચાનક વીજ પુરવઠો ખોરવાઈ જવાની સમસ્યા ઉભી થઈ છે. કાળઝાળ ગરમી વચ્ચે વારંવાર વીજળી ગુલ થતાં લોકો ભારે પરેશાન બન્યા છે. સ્થાનિકોએ MGVCL તંત્ર સામે બેદરકારીના આક્ષેપો કરતા તાત્કાલિક સમસ્યાનું નિરાકરણ લાવવા માંગ ઉઠાવી છે.

શિનોર તાલુકાના સાધલી ગામના મંડાળા ફળિયા વિસ્તારમાં છેલ્લા બે દિવસથી વીજ વાયરમાં સ્પાર્ક થવાની ઘટનાઓ સતત બની રહી છે. ખાસ કરીને સાંજ અને રાત્રિના સમયે વીજ વાયરમાંથી ચિંગારીઓ નીકળતા લોકોમાં ભયનો માહોલ સર્જાયો છે.

સાધના સમયે અંદર પટ છવાઈ ગયો હતો સ્થાનિકોના જણાવ્યા મુજબ અનેક વખત MGVCL કચેરીમાં રજૂઆતો કરવા છતાં હજુ સુધી કોઈ કાયમી કાર્યવાહી હાથ ધરવામાં આવી નથી. વીજ વાયરમાં થતી સ્પાર્કિંગને કારણે આગ ભભૂકવા ની સંભાવના સર્જાઈ રહી છે વીજ પુરવઠો બંધ થઈ જાય છે, જેના કારણે ઘરોમાં અંધારાપટ છવાઈ જાય છે. કાળજાળ ગરમીઅને બફારા ના સમયમાં નાના બાળકો, વૃદ્ધો અને મહિલાઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. લોકોનું કહેવું છે કે રાત્રિના સમયે કેટલાક કલાકો સુધી વીજ પુરવઠો ખોરવાયો હતો બીજ પુરવઠો બંધ રહેતાં પીવાના પાણી, પંખા તેમજ અન્ય જરૂરી સુવિધાઓ પણ ખોરવાઈ રહી છે.

પાદરા ખાતે શ્રી સાંઈબાબા ભંડારો તથા વિષ્ણુયાગનું આયોજન

પાદરા : પાદરા નગરમાં શ્રી સાંઈસેવા સમિતિ, પાદરા દ્વારા શ્રી સાંઈબાબાના આશીર્વાદથી ભવ્ય ભંડારો તથા વિષ્ણુયાગનું આયોજન કરવામાં આવ્યું છે. આ ધાર્મિક કાર્યક્રમ અધિક જેઠ સુદ ૭, શુક્રવાર તા. ૨૨/૦૫/૨૦૨૬ ના રોજ યોજાનાર છે. કાર્યક્રમ અંતર્ગત સવારે ૯:૩૦ કલાકે પૂજા પ્રારંભ થશે તથા સાંજે ૫:૦૦ કલાકે પૂર્ણાહૂતિ યોજાશે. ત્યારબાદ સાંજે ૬:૦૦ કલાકે ભવ્ય ડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે તેમજ મહાપ્રસાદનો લાભ પણ ભક્તજનોને આપવામાં આવશે. શ્રી સાંઈસેવા સમિતિ દ્વારા પાદરા તથા આસપાસના તમામ ધર્મપ્રેમી ભક્તજનોને કાર્યક્રમમાં ઉપસ્થિત રહી શ્રી સાંઈબાબાના આશીર્વાદ તથા મહાપ્રસાદનો લાભ લેવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ટીડીઓને લેખિતમાં જાણ કરી ભ્રષ્ટાચારની તપાસ કરવા માંગ

સાવલીના ટુંડાવમાં 7 લાખના ખર્ચે બનેલો રોડ ખસ્તા હાલતમાં

(પ્રતિનિધિ) સાવલી, તા.13

સાવલી ના ટુંડાવ ગામે સામે આવ્યો છે જેમાં વિકાસના કામોમાં ગેરરીતિના ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે એડવોકેટ અનિલ રાણાએ લેખિતમાં રજૂઆત કરીને વિવિધ આક્ષેપો ગ્રામ પંચાયત પર કર્યા છે તેમને કરેલા આક્ષેપ મુજબ ગ્રામ પંચાયત દ્વારા નિર્મિત આર સી સી રોડ ના કામમાં હલકી ગુણવત્તા અને ભ્રષ્ટાચાર નો આક્ષેપ કર્યો છે સાત લાખ ના ખર્ચે બનેલ રોડ એટલો તકલાદી બન્યો છે કે ઠોકર મારો અને સિમેન્ટ પાવડર સમાન ઊડે છે અને રોડ માં વપરાયેલી રેતી કપચી સમગ્ર રોડ પર ઉખડીને પથરાઈ ગઈ છે રોડ બન્યાને 15 દિવસ માં જ તૂટવાનું અને કપચી ઊખડીને સિમેન્ટ ઉડતો થઈ ગયો હતો અને રૂ. 7 લાખના ખર્ચે બનાવાયેલ રોડ ભારે વિવાદમાં આવી ગયો છે સાથે સાથે રોડની વચ્ચોવચ તૂટી ગયેલા ગટરના ઢાંકણા ના પગલે વિવાદ સર્જાયો છે અને રોડ અને ગટરના કામની તાત્કાલિક તપાસ કરવાની માંગ કરવામાં આવી છે ગ્રામ પંચાયતથી લઈને ચૌહાણના ચોરા સુધી બનેલ આ રોડ ના પૈસા પાણીમાં ગયા હોય તેવી સ્થિતિ સર્જાઈ છે રોડ બનતા ની સાથે જ તેમાં વપરાય કપચી અને સિમેન્ટ ઉખડવા માંડ્યો હતો. આજે પણ ઠોકર મારો તો રોડના રેતી કપચી અને સિમેન્ટ ઉખડી જાય છે અને ભારે હલકી ગુણવત્તા નું મટીરીયલ અને કામગીરી કરવામાં આવી છે જેના પગલે જવાબદાર સામે કડક કાર્યવાહી કરવા લેખિત રજૂઆત કરવામાં આવી છે અને સરકારના ધોરણ મુજબ રોડ અને ગટરનું કામ ફરી કરાવવાની માંગ કરી છે.

એક્ટિવ ક્લોથિંગ કંપની લિમિટેડે રિટેલ સેગમેન્ટમાં વ્યૂહાત્મક પ્રવેશ કર્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.13

એક્ટિવ ક્લોથિંગ કંપની લિમિટેડે રિટેલ સેગમેન્ટમાં વ્યૂહાત્મક પ્રવેશ કરતાં 'ન્યૂમો' નામથી નવું મલ્ટી-બ્રાન્ડ રિટેલ પ્લેટફોર્મ લોન્ચ કરવાની જાહેરાત કરી છે. કંપનીએ અત્યાર સુધીમાં 'ન્યૂમો' બ્રાન્ડ હેઠળ પાંચ આઉટલેટ્સ શરૂ કર્યા છે અને આગામી 10 દિવસમાં વધુ સાત આઉટલેટ્સ શરૂ કરવાની યોજના જાહેર કરી છે. BSEમાં નોંધાયેલી આ કંપની ગ્લોબલ ફેશન બ્રાન્ડ્સ માટે 'ડિઝાઈન-ટુ-શેલ્ફ' અપેરલ ઉત્પાદનમાં અગ્રણી સ્થાન ધરાવે છે. 'ન્યૂમો' પ્લેટફોર્મ હેઠળ તમામ ઉંમરના ગ્રાહકો માટે યુનિસેક્સ અપેરલ્સ એક જ છત નીચે ઉપલબ્ધ કરાશે. સાથે જ સ્થાનિક બજારની માંગ અનુસાર કેટેગરી આધારિત વિશેષ સ્ટોર્સ પણ વિકસાવવામાં આવશે.

કેનાલ પાસે ચાલતા જુગારધામ પર પોલીસની રેડ

માસર રોડ પાસે નર્મદા કેનાલ કિનારે જુગાર રમતા ચાર શખ્સો ઝડપાયા

(પ્રતિનિધિ) પાદરા, તા.13

માસર રોડ પાસે નર્મદા કેનાલમાં જુગાર રમતા ચાર શખ્સ ઝડપાયા, વડુ પોલીસે રૂ.15,300નો મુદ્દામાલ કબજે કર્યો વડોદરા ગ્રામ્ય જિલ્લામાં અસામાજિક પ્રવૃત્તિઓ સામે ચાલી રહેલી ઝુંબેશ અંતર્ગત વડુ પોલીસે જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢી ચાર શખ્સોને ઝડપી પાડ્યા હતા. પોલીસે રોકડ રકમ સહિત કુલ રૂ.15,300નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વડુ પોલીસ સ્ટાફને બાતમી મળી હતી કે માસર રોડ (કણઝટ) ગામે ભેસાસુર મંદિર સામે આવેલ નર્મદા કેનાલની ખુલ્લી જગ્યામાં કેટલાક ઇસમો પત્તા-પાના વડે પૈસાનો હારજીતનો જુગાર રમી રહ્યા છે. બાતમીના આધારે પોલીસે સ્થળ પર રેડ કરી હતી.

રેડ દરમિયાન ચાર શખ્સો ખુલ્લી જગ્યામાં ગોળ કુંડાળું વળી પત્તા-પાના વડે જુગાર રમતા ઝડપાઈ આવ્યા હતા. પોલીસે શૈલેષભાઈ અર્જુનભાઈ રાજ (રહે. ઉચ્છદ ગામ, તા. જંબુસર), મહેશભાઈ ઠાકોરભાઈ પરમાર, પ્રવિણભાઈ મફતભાઈ પરમાર તથા નરેશભાઈ ભુપતભાઈ પરમાર (ત્રણે રહે. માસર રોડ, પાદરા) ને ઝડપી પાડ્યા હતા. પોલીસે દાવ ઉપરના રૂ.2,200 રોકડા, ચારેય આરોપીઓ પાસેથી મળેલા કુલ રૂ.13,100 રોકડા તથા પત્તા-પાના મળી કુલ રૂ.15,300નો મુદ્દામાલ કબજે કર્યો હતો.